# આપણું યુજીવીસીએલ

અંક-૧૯, એપ્રિલથી જૂન ૨૦૧૩



## યુજીવીસીએલ દ્વારા નવમા કંપનીદિન'ની ઉજવણી



આઠમી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનો પ્રભાવશાળી દેખાવ



મહેસાણા સર્કલ દ્વારા લોકદરબારનું આયોજન



મહેસાણા ખાતે યોજાયેલ આરટીઆઈ વર્કશોપ

વર્ષ-૩ અંક-૧૯, એપ્રિલથી જૂન ૨૦૧૩
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એસ. પટેલ, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. એમ. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૦૬/૨૦૧૩

# આ અંકમાં

**કંપની દિન**
યુજીવીસીએલ દ્વારા નવમા 'કંપની દિન'ની ઉજવણી........................ ૦૪
**ચેસ**
આઠમી ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનો પ્રભાવશાળી દેખાવ ૦૬
**ટેબલ ટેનિસ**
આઠમી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર ખાતે આયોજન.... ૦૮
**કેરમ**
આઠમી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં
છઠ્ઠીવાર ચેમ્પિયન બનતા શ્રી જી.એસ. વોરા.............................. ૧૦
**વર્કશોપ**
મહેસાણા ખાતે યોજાયેલ આરટીઆઈ વર્કશોપ.............................. ૧૧
**બ્રિજ**
આઠમી ઇન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન,
હિંમતનગર સર્કલ રનર્સ-અપ.............................................. ૧૨
**લોકદરબાર**
મહેસાણા દ્વારા લોકદરબારનું આયોજન.................................. ૧૩
**સિદ્ધિ**
ઉત્તર ગુજરાત વીજ કંપનીની સિદ્ધિઓમાં એક અનેરુ સોપાનઃ................ ૧૪
**અભિગમ**
યુજીવીસીએલ દ્વારા ભરતીની પ્રક્રિયા અંગે નવતર અભિગમ.................. ૧૫
પર્યાવરણ જાળવો, પર્યાવરણ આપને જાળવશે.............................. ૧૫
**ગૌરવ**
યુજીવીસીએલ પરિવારનું ગૌરવ.......................................... ૧૬
**વાર્તા**
હૃદય સંબંધ.............................................................. ૧૭
સાચા ભગવાનની ઓળખ.................................................. ૧૮
**કાવ્યધારા**
''કંપની ડે''............................................................ ૧૮
અણસાર.................................................................. ૧૯
હું જળબિંદુ.............................................................. ૧૯
પ્રકૃતિને.................................................................. ૧૯
જગતાત - વર્ષાટાણે...................................................... ૧૯



**ગ્રાહકોનો કંપનીની કામગીરીમાં વિશ્વાસ વધે તે માટે ત્વરિત કામગીરી કરવા હું સર્વેને અનુરોધ કરું છું જેથી લોકદરબાર સુધી તેઓના પ્રશ્નો આવે નહિ.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

કંપનીદિનની ઉજવણીના ભાગરૂપે ટીએન્ડડી લોસ ઘટાડવા, ડેબિટ એરીયર્સ ઘટાડવા તથા લોકઅદાલત અંગેની પ્રશંસનીય કામગીરી જે તે સર્કલમાં પ્રથમ ક્રમે આવીને પ્રશસ્તિપત્રો મેળવનાર તમામ પેટા વિભાગીય કચેરીના તમામ કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. ભવિષ્યમાં આવી જ કામગીરી કરી કંપનીના વિકાસમાં અગ્રેસર રહેશો તેવી અપેક્ષા રાખું છું.

હાલના સંજોગોમાં તમામ સર્કલ ઓફિસના તાબા હેઠળ ગ્રાહકોના પ્રશ્નોના ઝડપી નિકાલ થાય તે હેતુથી લોકદરબારનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ગ્રાહકોનો કંપનીની કામગીરીમાં વિશ્વાસ વધે તે માટે ત્વરિત કામગીરી કરવા હું સર્વેને અનુરોધ કરું છું જેથી લોકદરબાર સુધી તેઓના પ્રશ્નો આવે નહિ.

ચોમાસુ બેસી ગયું છે ત્યારે સ્વાભાવિક રીતે શરૂઆતના વરસાદમાં વીજ વિતરણને લગતી ફરિયાદો આવશે. વિશેષ કામગીરી કરીને વીજ વિતરણ વ્યવસ્થાના વિક્ષેપો નિવારીને ગ્રાહકને સંતોષ મળે તેવા પ્રયત્નો કરવા અનુરોધ કરું છું.

તાજેતરમાં ધોરણ ૧૦ (ન્યુ એસ.એસ.સી.), ધોરણ ૧૨ (એચ.એસ.સી.)ના તથા અન્ય વિદ્યાશાખાના પરિણામો જાહેર થયેલ છે.ઉત્તિર્ણ થયેલ યુજીવીસીએલ પરિવારના બાળકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. હવે પછી તેઓએ શૈક્ષણિક કારકીર્દિ માટે જે ક્ષેત્રમાં આગળ જવું હોય તે ફેકલ્ટીમાં પ્રવેશ મળે તે માટે શુભેચ્છા પાઠવું છું.

**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૬-૨૦૧૩**

# યુજીવીસીએલ દ્વારા નવમા કંપનીદિન'ની ઉજવણી

તા. ૧/૪/૨૦૦૫થી વ્યવસાયિક ધોરણે કાર્યરત ઉત્તર ગુજરાત વીજ કંપની લી. દ્વારા તા. ૧/૪/૨૦૧૩ના રોજ નવમાં કંપનીદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે યુજીવીસીએલ કોર્પોરેટ ઓફિસમાં આવેલી ઊર્જા રીક્રીએશન કલબ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે કેમ્પસમાં આવેલ યુજીવીસીએલની તમામ કચેરીઓના કર્મચારી ભાઈઓ તથા બહેનોની ઉપસ્થિતિમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ. આર. પટેલ તેમજ કંપનીના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહીને એક બીજાને શુભેચ્છા પાઠવેલ. સમગ્ર કંપનીની તમામ ૧૨૯ પેટાવિભાગીય કચેરી, ૨૧ વિભાગીય કચેરી તથા ૪ (ચાર) સર્કલ ઓફિસમાં એક જ સમયે આ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા નીચે જણાવ્યા મુજબનો શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવેલ.

***અક્ષરશઃ*** નવમાં કંપનીદિન નિમિત્તે મારા યુજીવીસીએલના સમગ્ર પરિવારને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. સમગ્ર પરિવારને બોર્ડના પુનર્ગઠન બાદ છેલ્લા છ વર્ષથી આપ સર્વેના સહિયારા પુરૂષાર્થ દ્વારા આપના અસ્તિત્વને ગૌરવભેર દિપાવ્યું છે અને સાચા અર્થમાં ગ્રાહકલક્ષી અને સરકારલક્ષી ધ્યેયો પાર પાડવામાં આપણું સામર્થ્ય બતાવ્યું છે, તેનો આનંદ અનુભવું છું. કંપનીદિન નિમિત્તે ભવિષ્યમાં આવી જ ચેતનવંતી કામગીરી કરવાની આપણા સૌની ક્ષમતામાં વધારો થાય તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપની તરીકે લોકોની સેવા કરવાની મળેલ અમૂલ્ય તક દ્વારા સમગ્ર ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની હોવાની વાત આપણને ગૌરવ અપાવે તેવી છે.







સૌના સહિયારા પુરૂષાર્થ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ સ્થાન આપણા માટે તેમજ આપણી કંપની માટે સુવર્ણકાળ પુરવાર થયેલ છે. આપ સર્વેની ક્ષમતામાં મુકાયેલ વિશ્વાસ હંમેશાં સફળ રહ્યો છે. મિત્રો, આ વર્ષે આપણને વિવિધ કામગીરી માટે એવોર્ડ્ઝ મળ્યા છે. તેનો ઉલ્લેખ કરું તો "વીજ વિતરણ" ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે "પાવર લાઇન" એવોર્ડ અને ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે તાજેતરમાં પ્રાપ્ત થયેલ "ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૨" આમ છેલ્લા આઠ વર્ષથી આપણે રાષ્ટ્રીય અને રાષ્ટ્રીયકક્ષાના સતત એવોર્ડઝ મેળવી રહ્યા છીએ. સફળતા પ્રાપ્ત કરવાની આપણને ટેવ પડેલ છે જે ગૌરવપૂર્ણ બાબત છે.

ભવ્ય ભૂતકાળ, પ્રગતિશીલ વર્તમાન અને ઉજ્જવળ ભાવિ આપણી વાસ્તવિકતાના પર્યાય બનેલ છે. તાજેતરમાં ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી પાવર ફાઇનાન્સ કોર્પોરેશન દ્વારા રાષ્ટ્રના જુદા જુદા રાજ્યોની કુલ ૩૯ વીજ વિતરણ કંપનીમાં કામગીરી અંગે નિર્ધારિત ધારાધોરણને અનુલક્ષીને આર્થિક મૂલ્યાંકન હાથ ધરવામાં આવેલ છે. જેમાં સમગ્ર ભારતમાં આપણી કંપની "એ" પ્લસ ગ્રેડ સાથે દ્વિતીય ક્રમે આવેલ છે જે આપણા ગૌરવને વધારે છે. ગુજરાત માટે વધુ ગૌરવપૂર્ણ બાબત એ છે કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓને "એ" પ્લસ રેટિંગ મળેલ છે અને પ્રથમ ચારેય ક્રમે આપણી ચારેય વીજ વિતરણ કંપનીએ સ્થાન પ્રાપ્ત કર્યા છે. આ કામગીરી સંલગ્ન તમામ કર્મચારીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું.

કંપનીના કાર્યદક્ષ ઇજનેરો દ્વારા સતત સંશોધનાત્મક પ્રવૃત્તિઓના ભાગરૂપે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે આપણે 'પાયલોટ એડવાન્સ' 'ટ્રાન્સફોર્મરનો' (PAT) આવિષ્કાર કરેલ છે. જેનાથી ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે વધુ સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી શકીશું. કંપનીના કર્મચારીઓમાં રહેલી ક્ષમતા બહાર લાવવાના ભાગરૂપે કંપનીના કર્મચારીઓને રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંલગ્ન કરવામાં આવે છે. કંપનીની કામગીરી વધુ સારી રીતે દિપી ઊઠે તે માટે આપેલ લક્ષ્યાંક મુજબ ટીએન્ડડી લોસીસ ઘટાડવા, ડેબિટ એરિયર્સ ઘટાડવા અને લોકઅદાલતની કામગીરી દ્વારા મહેસુલી આવક વધારવાના પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

વીજ બચત તેમજ વીજ સલામતી ક્ષેત્રે હજુ પણ મહત્ત્વની કામગીરી કરવાની રહેશે. વીજ અકસ્માત ન થાય તે માટે દરેક ટેક્નિકલ કર્મચારીએ ખાસ કાળજી લેવા માટે અનુરોધ કરું છું. આપ સર્વેના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો આપણી કંપનીને ભારત વર્ષની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની તરીકેનું સ્થાન આપવશે તેવી ખાત્રી રાખું છું. ફરીવાર કંપનીદિન નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી વિરમું છું.

## હિંમતનગર ઉજવણી અહેવાલ

તા. ૧/૪/૨૦૧૩ના રોજ હિંમતનગર વર્તુળ કચેરી ખાતે 'કંપની ડે'ની ઉજવણીના ભાગ રૂપે અધિક્ષક ઇજનેર શ્રી એ.એમ. શાહની રાહબરી હેઠળ સવારે ૧૧.૦૦ કલાકે વર્તુળ કચેરીના તમામ અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ સમૂહમાં એકત્ર થયા હતા. અધિક્ષક ઇજનેરશ્રીએ પ્રારંભિક ઉદ્‌બોધનમાં વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કામગીરી અંગે સવિસ્તાર માહિતી આપી હતી અને શ્રીમતી નિશાબહેન પટેલ જુનિયર ઇજનેરે માનનીય

**મહેસાણા સર્કલમાં કંપનીદિન નિમિત્તે નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી માટે આપવામાં આવેલ પ્રશસ્તિ-પત્રો**

| ક્રમ | પેટાવિભાગીય કચેરી | વિભાગીય કચેરી | પ્રશંસનીય કામગીરી |
|---|---|---|---|
| ૧. | જોટાણા | મહેસાણા | ટીએન્ડટી લોસીસ ઘટાડવા અંગે |
| ૨. | વિસનગર સિટી | વિસનગર | ડેબિટ એરિયર્સ ઘટાડવા અંગે |







મેનેજિંગ ડિરેક્ટરશ્રીના સંદેશ વાંચી સંભળાવ્યો હતો તથા રેવન્યુ કલેક્શન ટારગેટ પુરો કરવા, ટીએન્ડડી લોસીસ ઘટાડવા, ગ્રાહકોને સંતોષકારક સેવાઓ પૂરી પાડવા તથા ઈ-ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરવા વિગેરે બાબતના સંકલ્પ લીધા હતા અને વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ટીએન્ડડી લોસીસ ઘટાડવા, ડેબિટ એરિયર્સ ઘટાડવા બાબતે તથા લોકઅદાલત યોજીને કેસના નિકાલ કરવા બાબતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને પ્રસંશનિય કામગીરી કરવા બાબતમાં સલાલ, હિંમતનગર રુરલ અને જાદર પટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રીઓને અધિક્ષક ઈજનેરશ્રીના વરદ હસ્તે પ્રશસ્તિ-પત્રો આપવમાં આવેલ.

બપોર પછી કર્મચારીઓને સલામતી અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હિંમતનગર વર્તુળ કચેરીના તાબા હેઠળની તમામ વિભાગીય તેમજ પેટાવિભાગીય કચેરીઓમાં પણ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરીના પરિપત્રમાં આપેલ સૂચનો મુજબ કંપનીદિન નિમિત્તે ઉજવણી કરવામાં આવેલ.

## બોપલ ઉજવણી અહેવાલ

આજ રોજ ૧/૪/૨૦૧૩ના રોજ ૯માં કંપની દિવસે વિભાગીય કચેરીને વ્યવસ્થિત સાફસુફ કરી બેનરોથી સજાવી અને કાર્યપાલક ઈજનેર શ્રી એચ. ડી. રાઠોડના વડપણ હેઠળ વિભાગીય કચેરીના દરેક કર્મચારીઓએ ખૂબ જ ઉત્સાહ અને આનંદઉલ્લાસ સાથે કંપની દિવસની ઉજવણીમાં ભાગ લિધો અને એન્કર શ્રી કે.સી. દવે (ટ્રેસર) એ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન કર્યુ. પ્રસંગોચિત વ્યક્તવ્યોમાં પ્રથમ શ્રી એમ.જે. ત્રિવેદી, અધિક્ષક (ખર્ચ) સહુને કંપની દિવસે શુભકામનાઓ આપી. ત્યારબાદ નાયબ ઈજનેર (ટેક-૧) શ્રી બી.કે. પટેલે દરેક કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપી કંપનીને હજુ પણ શિખર તરફ લઈ જવા દરેક કર્મચારીઓને સહભાગી થવા આહવાહન કર્યુ.

ત્યારબાદ નાયબ અધિક્ષક (વહીવટી) શ્રી એમ.કે. ડાભીએ સર્વે કર્મચારીઓને અભિનંદન આપ્યા. ત્યારબાદ કાર્યપાલક ઈજનેર શ્રી રાઠોડે પોતાના વ્યક્તવ્યમાં તેમને વિભાગીય કચેરીના કાર્યને શિખર પર લઈ જવા આહવાન કર્યુ. તેમજ સર્વે કર્મચારીઓને નિષ્ઠા પૂર્વક કર્તવ્યની સભાનતાને બિરદાવી અને દરેક કર્મચારીને સલામતી બાબતે વિશેષ કાળજી રાખવા પર ભાર મૂક્યો અને સાબરમતી સર્કલ લેવલે ટી.એન.ડી. લોસિસ ઘટાડવામાં પ્રથમ સ્થાને રહેલ ચાંગોદર સબડિવિઝનની ઉપલબ્ધિની પ્રસંશા કરેલ. વિભાગીય કચેરીના કાર્યબોજને ધ્યાને રાખી ઉપર રજૂઆતો કરી. ત્યારબાદ શ્રી બી.સી. લોરિયા (જુનિયર આસિસ્ટન્ટ) દ્વારા કાર્યપાલક ઈજનેરના આદેશાનુસાર માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો કંપની દિવસનો શુભ સંદેશો વાંચી સંભળાવેલ.

બોપલ વિભાગીય કચેરીની પેટા વિભાગીય કચેરીઓ બોપલ, બાવળા ઈન્સ્ટ્રિયલ, સાણંદે પણ હર્ષોઉલ્લાસ સાથે કંપની દિવસ ઉજવ્યો. તેમજ સાંજે ૫.૦૦ વાગ્યે ચાંગોદર સબડિવિઝન ખાતે વર્તુળ કચેરીના કાર્યપાલક ઈજનેર શ્રી એસ.પી. વૈદ્ય તથા જુનિયર ઈજનેર શ્રી મહીડાની ઉપસ્થિતિમાં ચાંગોદર સબડિવિઝનના નાયબ ઈજનેર શ્રી એ.બી.દાનેસને સાબરમતી સર્કલમાં ટીએન્ડડી લોસીસ ઘટાડવામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ પ્રશસ્તિપત્ર બોપલ વિભાગીય કચેરીના કાર્યપાલર ઈજનેર શ્રી રાઠોડના વરદ હસ્તે અર્પણ કરવામાં આવેલ અને દરેક કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપી કર્મચારીઓની મહેનતની પ્રસંશા કરવામાં આવેલે.

## પાલનપુર ઉજવણી અહેવાલ

પાલનપુર ખાતે સર્કલ ઓફિસ દ્વારા કંપનિદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. તમામ કર્મચારીઓની ઉપસ્થિતિમાં શ્રી એમ.બી. જાકાસણીયા દ્વારા મેનેજિંગ ડિરેક્ટરશ્રીના સંદેશો વાંચવામાં આવેલ. તમામ કર્મચારીઓને કંપનિદિનની શુભેચ્છા પાઠવી પ્રસંશનિય કામગીરી માટે જે તે સબડિવિઝનની કામગીરીને બિરદાવવામાં આવેલ. ■

**સાબરમતી સર્કલમાં કંપનીદિન નિમિત્તે નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી માટે આપવામાં આવેલ પ્રશસ્તિ-પત્રો**

| ક્રમ | પેટાવિભાગીય કચેરી | વિભાગીય કચેરી | પ્રશંસનીય કામગીરી |
|---|---|---|---|
| ૧. | નરોડા | સાબરમતી | ડેબિટ એરિયર્સ ઘટાડવા અંગે |
| ૨. | ચાંગોદર | બોપલ | ટીએનડી લોસિસ ઘટાડવા અંગે |

**પાલનપુર સર્કલમાં કંપનીદિન નિમિત્તે નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી માટે આપવામાં આવેલ પ્રશસ્તિ-પત્રો**

| ક્રમ | પેટાવિભાગીય કચેરી | વિભાગીય કચેરી | પ્રશંસનીય કામગીરી |
|---|---|---|---|
| ૧. | દીયોદર-૨ સબડિવિઝન | રાધનપુર | ટીએન્ડટી લોસીસ ઘટાડવા અંગે |
| ૨. | સિદ્ધપુર સીટી સબડિવિઝન | સિદ્ધપુર | ડેબિટ એરિયર્સ ઘટાડવા અંગે |
| ૩. | જલોત્રા | પાલનપુર-૨ | લોક અદાલત અંગે |

**હિંમતનગર સર્કલમાં કંપનીદિન નિમિત્તે નીચે જણાવ્યા પ્રમાણેની કામગીરી માટે આપવામાં આવેલ પ્રશસ્તિ-પત્રો**

| ક્રમ | પેટાવિભાગી કચેરી | વિભાગીય કચેરી | પ્રશંસનીય કામગીરી |
|---|---|---|---|
| ૧. | સલાલ | હિંમતનગર | ટીએન્ડટી લોસીસ ઘટાડવા અંગે |
| ૨. | હિંમતનગર (ગ્રામ્ય) | હિંમતનગર | ડેબિટ એરિયર્સ ઘટાડવા અંગે |
| ૩. | જાદર | ઇડર | લોક અદાલત અંગે |

# આઠમી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલનો પ્રભાવશાળી દેખાવ

## શ્રીમતી આશાબહેન ખાલપાડા મહિલા વિભાગમાં ચેમ્પિયન, યુજીવીસીએલ પુરૂષ વિભાગમાં ટીમ ઈવેન્ટસમાં રનર્સ–અપ

તા. ૭થી ૯ જૂન ૨૦૧૩ દરમિયાન નવસારી ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ વલસાડ વર્તુળ કચેરીના યજમાન પદે યોજાયેલ આઠમી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ (ભાઈનો તથા બહેનો માટેની)માં યુજીવીસીએલની ટીમે પ્રભાવશાળી દેખાવ કરી કંપનીને ગૌરવ અપાવેલ છે. વ્યક્તિગત અને ટીમ ઈવેન્ટસમાં યુજીવીસીએલના ભાઈઓ તથા બહેનોએ અસરકારક રમતનું પ્રદર્શન કરી ઉપસ્થિત ખેલાડીઓનું ધ્યાન ખેંચેલ. જીયુવીએનએલ દ્વારા પ્રથમ વાર ટીમ ઈવેન્ટસનું આયોજન હાથ ધરવામાં આવેલ. ઉદ્‌ઘાટન સમારંભમાં વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એન.ડી. પટેલ, અધિક્ષક ઈજનેર, શ્રી આર.પી. ગોટાવાલા અને શ્રી એસ.સી. દવે, પીઆરઓ જીયુવીએનએલે ઉપસ્થિત રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી પટેલે તમામ સ્પર્ધકોને ખેલદિલી પૂર્વક રમી આયોજકને સહકાર આપી ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે અનુરોધ કરેલ.

જ્યારે સમાપન સમારંભમાં ગુજરાત ઊર્જા વિકાસ લિમિટેડના નાયબ મહાપ્રબંધક (એચ. આર.) કે જેઓ ઘણા સમયથી ઈન્ટર કંપનીની રમતોની ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરવામાં સતત મદદરૂપ થઈ રહેલ છે તેવા શ્રી એમ.એ. શેખ, શ્રી આર.પી. ગોટાવાલા, અધિક્ષક ઈજનેર, શ્રી એમ.ડી. પરમાર, કાર્યપાલક ઈજનેર સીટી ડિવિઝન નવસારીએ ઉપસ્થિત રહીને વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટી-શર્ટ તથા રેપ્લિકા અર્પણ કરેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી શેખે જીયુવીએનએલ દ્વારા કરવામાં આવી રહેલ વિવિધ રમતોની સ્પર્ધાઓ અંગે માહિતી આપેલ તેમજ તમામ રમતોની ઓલઈન્ડિયા ઈલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોડ માટેની ટુર્નામેન્ટનું આયોજન થાય તેવા પ્રયત્નો કરવા હૈયાધરણ આપેલ. પંસદગી પામેલ ખેલાડીભાઈઓ તથા બહેનોને ભાવિ સફળતા પ્રાપ્ત કરવા અંગે શુભેચ્છા પાઠવેલ.

સદર ટુર્નામેન્ટમાં શ્રી ડી.એમ. પરમાર, જુનિયિર ઈન્જિનિયર પાનન્ધ્રો થર્મલ પાવર સ્ટેશન (જીસેક) પુરૂષ વિભાગમાં ચેમ્પિયન બનેલ છે જ્યારે શ્રી જી.કે. ચોટાઈ, નાયબ અધિક્ષક (હિસાબ) પોરબંદર સબડિવિઝન રનર્સ-અપ થયેલ છે. યુજીવીસીએલના મહિલા ખેલાડી શ્રીમતી આશાબહેન ખાલપાડા, નાયબ ઈજનેર વિભાગિય કચેરી બોપલ મહિલા વિભાગમાં ચેમ્પિયન થયેલ છે તેમજ એઆઈઈએસસીબીની ટીમમાં પસંદગી પામેલ છે. શ્રીમતી નિલાબહેન શાહ એમજીવીસીએલ રનર્સ-અપ થયેલ છે. જ્યારે પુરૂષ વિભાગની ટીમ ઈવેન્ટ્સમાં જેટકો ચેમ્પિયન બનેલ છે જ્યારે યુજીવીસીએલની ટીમ રનર્સ-અપ થયેલ છે. જેમાં કોર્પોરેટ ઓફિસમાં સ્પોર્ટ્સ સેક્રેટરી તથા આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) એઆઈઈએસસીબીની ટીમમાં પસંદગી પામેલ છે. આમ કુલ બે ખેલાડીઓ યુજીવીસીએલ તરફથી જીયુવીએનએલનું પ્રતિનિધિત્વ કરશે. મહિલા વિભાગની ટીમ ઈવેન્ટ્સમાં એમજીવીસીએલ ચેમ્પિયન બનેલ છે જ્યારે પીજીવીસીએલ રનર્સ-અપ થયેલ છે.

વલસાડ વર્તુળ કચેરીના શ્રી દીપકભાઈ એન. દેસાઈ, શ્રી બી.સી. ગાંધી તથા શ્રી એમ. કે. પઠાણ અને અન્ય કર્મચારીઓ દ્વારા ટૂર્નામેન્ટને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવી પ્રશંસનિય કામગીરી બજાવવામાં આવેલ. શ્રી મલ્હાર જાદવ દ્વારા સમગ્ર ટુર્નામેન્ટમાં આર્બીટર તરીકે ફરજ બજાવેલ.

આ અગાઉ આધિશક્તિ મા અંબામાતાના શક્તિપીઠ અંબાજી ખાતે તા. ૨૭ અને ૨૮મી


મહિલા ચેમ્પિયન શ્રીમતી આશાબહેન ખાલપાડા


રનર્સ-અપ પુરૂષોની ટીમ



યુજીવીસીએલની ભાઈઓ તથા બહેનોની ટીમ


મહિલા ટીમ ચેમ્પિયન એમજીવીસીએલ


મહિલા ટીમ રનર્સ-અપ પીજીવીસીએલ


યુજીવીસીએલ મહિલા ચેમ્પિયન







કોચ સાથે ટીમ યુજીવીસીએલ

| આઠમી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટના પુરુષ ખેલાડીઓની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
| ૧. | શ્રી એસ.એ. નાયક | આસી. મેનેજર (પીઆર) | આરએન્ડસી, મહેસાણા | ચેમ્પિયન |
| ૨. | શ્રી એમ.એ. દિક્ષિત | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર (રુરલ) સબડિવિઝન | રનર્સ-અપ |
| ૩. | શ્રી એચ..આર.નાયક | હેલ્પર | જાગુદણ (રુરલ) સબ ડિવિઝન | ટીમના સભ્ય |
| ૪. | શ્રી આર.પી. મિસ્ત્રી | જુનિયિર એન્જિનિયર | હિંમતનગર ડિવિઝન | ટીમના સભ્ય |
| ૫. | શ્રી આર.કે. પંડ્યા | જુનિયર આસિસ્ટન્ટ | ધોળકા સબડિવિઝન | ટીમના સભ્ય |

| આઠમી ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટના મહિલા ખેલાડીઓની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
| ૧. | એ.એન. ખાલપાડા | ડેપ્યુટી ઈન્જિનિયર | બોપલ ડિવિઝન | ચેમ્પિયન |
| ૨. | ડી.યુ. શાહ | સિનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝન | રનર્સ-અપ |
| ૩. | જે.બી. કેલ્લા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન | ટીમના સભ્ય |
| ૪. | યુ.એ. દાંતણીયા | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર ડિવિઝન | ટીમના સભ્ય |

એપ્રિલ ૨૦૧૩ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીની આઠમી ઇન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટનું આયોજન સવિતા ગોવિંદસદન ખાતે પાલનપુર સર્કલના યજમાન પદે કરવામાં આવેલ. સદર ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ હસ્તકની તમામ વર્તુળ કચેરીના ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ. ઉદ્‌ઘાટન તથા સમાપન કાર્યક્રમનું સંચાલન શ્રી સ્નેહલ જોશી દ્વારા કરવામાં આવેલ. અંબાજી યાત્રા વિશે માહિતી આપી. શ્રી જોશીએ જાણાવેલ કે, વિશ્વ પ્રસિદ્ધ શક્તિપીઠ એટલે અંબાજી. કુલ ૫૨ શક્તિપીઠમાં અંબાજી એ ભારત વર્ષની એક મુખ્ય શક્તિ પીઠ છે.

મા અંબાજીના મંદિરની દિવાલની અદર એક સામાન્ય ગોખની પૂજા થાય છે. ગોખની અંદર સોનામઢેલ શક્તિ વિસાયંત્રની પૂજા થાય છે. વિસાયત્ર પર કુલ ૫૧ બીજમંત્ર અંક્તિ થયેલ છે. જે નેપાળ અને ઉજ્જૈનની શક્તિપીઠ સાથે સંબંધિત છે. વિસાયંત્રને મંદિરના પૂજારીઓ દ્વારા એવી રીતે શણગારવામાં આવે છે કે, આબેહુબ માતાનું પ્રતિબિંબ દેખાય છે. નવાઈની વાત એ છે કે આ વિસાયંત્રને કોઈ જોઈ શકતુ નથી. પુજારીઓ પણ આંખે પાટા બાંધીને પૂજાઅર્ચના કરે છે.

ઉદ્‌ઘાટન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ડી.એસ. પટેલ ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબધક અને વિશેષ મુખ્ય ઈજનેર (પીએન્ડપી)એ હાજરી આપી ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ. કંપનીના સ્પોટ્‌ર્સ સેક્રેટરીએ કંપનીના ચાલી રહેલ રમતગમત પ્રવૃત્તિઓમાં વિગતવાર ચિતાર રજૂ કરેલ. શ્રી ડી.એસ. પટેલ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ટુર્નામેન્ટમાં સફળતા અંગેની શુભેચ્છા પાઠવી શિસ્તબદ્ધ રીતે ટુર્નામેન્ટ રમવા અનુરોધ કરેલ.

સમાપન સમારંભમાં વિજેતા ખેલાડીઓને ટ્રોફી તથા ટી-શર્ટ આપીને સન્માનિત કરવામાં આવેલ ટુર્નામેન્ટમાં આર્બીટર તરીકે શ્રી પંકજભાઈ પંચોલી કે જેઓ નેશનલ આર્બીટર છે તેમણે સેવા આપેલ. તા. ૪-૫-૬ જૂન ૨૦૧૩ દરમિયાન યુજીવીસીએલના ખેલાડીઓના કોચિંગ કેમ્પનું આયોજન એશિયાની મહત્ત્વની તીર્થ ચેસ કલબ ખાતે ૨૨૦૦નું ઈન્ટર નેશનલ ચેસ રેટિંગ ધરાવનાર ખેલાડી તથા ગુજરાતના જાણીતા કોચ શ્રી એસ.કે. સિન્હાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેનાથી ખેલાડીઓની પ્રતિભામાં એક આગવો નિખાર જોવા મળેલ. ■



યુજીવીસીએલ મહિલા રનર્સ-અપ



યુજીવીસીએલ પુરૂષ ચેમ્પિયન



યુજીવીસીએલ પુરૂષ રનર્સ-અપ

# આઠમી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું હિંમતનગર ખાતે આયોજન







તા. ૧૩/૪/૨૦૧૩ના રોજ હિંમતનગર ખાતે આવેલ સાબર સ્ટેડિયમ ખાતે આઠમી ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર સર્કલ ઓફિસના યજમાન પદે કરવામાં આવેલ. ગત વર્ષ ૨૦૧૨-૧૩ના રમત-ગમતના કેલેન્ડર અન્વયે તમામ રમતોનું સફળ આયોજન પૂર્ણ થયા બાદ આગામી વર્ષ ૨૦૧૩-૧૪ માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલ. રમત-ગમતના કેલેન્ડરને અનુલક્ષીને કંપની દ્વારા પોતાનું રમત-ગમતનું કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ તે મુજબ હિંમતનગર સર્કલને સદર ટુર્નામેન્ટની ફાળવણી કરવામાં આવેલ.

ગત વર્ષે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ઈન્ટર કંપની વોલિબોલમાં ચેમ્પિયનશિપ, કબડ્ડી ટુર્નામેન્ટમાં રનર્સ-અપ, બ્રીજ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ, બેડમિટન મહિલા ટુર્નામેન્ટમાં સિંગલ્સ રનર્સ-અપ, ટેનિકોઇટ મહિલા ટુર્નામેન્ટ સિંગલ્સ રનર્સ-અપ તથા ટ્રોફી પ્રાપ્ત કરેલ જેથી આ વર્ષે પણ કર્મચારીઓને વધારે ઉત્સાહ જોવા મળેલ. ગત વર્ષે વિવિધ રમતો માટે યુજીવીસીએલના કુલ ૧૩ (તેર) જેટલા કર્મચારીઓ ઓલ ઈન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ માટેની વિવિધ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ.

**ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ્સમાં ચેમ્પિયન-રનર્સઅપ પુરુષો અને મહિલાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પી.પી. પ્રજાપતિ | હેલ્પર | ઈન્ડસ્ટ્રિયલ સબડિવિઝન, મહેસાણા સર્કલ | ચેમ્પિયન પુરૂષ વિભાગ |
| શ્રી એન.પી. પટેલ | જુની.પોગ્રામર | આરએન્ડસી, મહેસાણા | રનર્સઅપ પુરૂષ વિભાગ |
| શ્રીમતી એન.બી. પટેલ | જુની. ઇન્જિનીયર | કોર્પોરેટ ઓફિસ, હિંમતનગર | ચેમ્પિયન મહિલા વિભાગ |
| શ્રીમતી સી.એચ. મોદી | સીની. આસી. | પાલનપુર, ડિવિઝન ઓફિસ | રનર્સઅપ મહિલા વિભાગ |

**ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સમાં ચેમ્પિયન અને રનર્સઅપ થયેલ પુરુષો અને મહિલાઓની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એસ.એચ. જાદવ | પોગ્રામર | આરએન્ડસી, મહેસાણા | ચેમ્પિયન પુરૂષ વિભાગ |
| શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ | આરએન્ડસી, મહેસાણા | ચેમ્પિયન પુરૂષ વિભાગ |
| શ્રી પી.જે. ત્રિવેદી | અધિક્ષક ઇજનેર (સિવિલ) | આરએન્ડસી, મહેસાણા | રનર્સઅપ પુરૂષ વિભાગ |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પોગ્રામર | આરએન્ડસી, મહેસાણા | રનર્સઅપ પુરૂષ વિભાગ |
| શ્રીમતી એન.બી. પટેલ | જુનિયર ઇન્જિનીયર | કોર્પોરેટ ઓફિસ, હિંમતનગર | ચેમ્પિયન મહિલા વિભાગ |
| શ્રીમતી એમ.એસ. ભટ્ટ | જુનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, હિંમતનગર | ચેમ્પિયમ મહિલા વિભાગ |
| શ્રીમતી સી.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝન | રનર્સઅપ મહિલા વિભાગ |
| કુ. એ.એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | બારેજાડી સબડિવિઝન | રનર્સએપ મહિલા વિભાગ |

### ઇન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રી પી.પી. પ્રજાપતિ | હેલ્પર | ઇન્ડસ્ટ્રિયલ સબડિવિઝન | મહેસાણા |
| શ્રી એન.પી. પટેલ | જુનિયર પ્રોગ્રામર | આરએન્ડસી મહેસાણા | આરએન્ડસી મહેસાણા |
| શ્રી એસ.એચ. જાદવ | પ્રોગ્રામર | આરએન્ડસી મહેસાણા | આરએન્ડસી મહેસાણા |
| શ્રી એન.બી. ઝાલા | જુનિયર આસિસ્ટન્ટ | આરએન્ડસી મહેસાણા | આરએન્ડસી મહેસાણા |
| શ્રી પી.જે. ત્રિવેદી | અધિક્ષક ઇજનેર (સિવિલ) | આરએન્ડસી મહેસાણા | આરએન્ડસી મહેસાણા |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | | |
| **નામ** | **હોદ્દો** | **કામનું સ્થળ** | **સર્કલ** |
| શ્રી એમ.એલ. હિરાગર | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સબડિવિઝન | પાલનપુર |
| શ્રી જે.એમ. સૈયદ | જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન ઓફિસ | પાલનપુર |

### ઇન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલ મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રીમતી એન.બી. પટેલ | જુનિયર એન્જિનિયર | સર્કલ ઓફિસ | હિંમતનગર |
| શ્રીમતી સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન-૧ | પાલનપુર |
| શ્રીમતી એ.એ. ગુપ્તા | જુનિયિર આસિસ્ટન્ટ | પાલનપુર ડિવિઝન-૧ | પાલનપુર |
| શ્રીમતી સી.કે. પટેલ | જુનિયિર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝન-૧ | સાબરમતી |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | | |
| **નામ** | **હોદ્દો** | **કામનું સ્થળ** | **સર્કલ** |
| શ્રીમતી એસ.એમ. મકવાણા | જુનિયિર આસિસ્ટન્ટ | આરએસઓ પાલનપુર | પાલનપુર |
| કુ. એ.એ. પટેલ | જુનિયિર આસિસ્ટન્ટ | બારેજડી સબડિવિઝન | સાબરમતી |







આ વર્ષના રમત-ગમતના કેલેન્ડરમાં ટેબલ ટેનિસ ભાઈઓ તથા બહેનો માટેની આ પ્રથમ ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર સર્કલ દ્વારા કરવામાં આવેલ. ઉદ્‌ઘાટન સમારંભમાં હિંમતનગર સર્કલના સધિક્ષક ઇજનેર વતી ઇડર વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી એલ.એફ. ડાભીએ હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કરેલ. આ પ્રસંગે અધિક્ષક ઇજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, કાર્યપાલક ઇજનેર એ.એલ.ડી.સી., શ્રી કે.બી. પુજારા તથા સહાયક સચિવ શ્રી એ.એમ. ભગોરા હાજર કરેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કાર્યપાલક ઇજનેર શ્રી એલ. એફ. ડાભી, પધારેલ ખેલાડી ભાઈઓ તથા બહેનોને આવકારી સ્પોર્ટ્સમેન્ટ સ્પિરિટના વાતાવરણમાં ટુર્નામેન્ટનું આયોજન થાય તેમ સહકાર આપવા અનુરોધ કરી કંપનીના વડા માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન.શ્રીવાસ્તવના રમત-ગમતની રૂચિ અંગેની યાદ અપાવેલ.

ઇનામ વિતરણ સમારંભમાં પણ અધિક્ષક ઇજનેર વતી શ્રી એલ.એફ. ડાભી, શ્રી પી.જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર તથા વિજેતા શ્રી કે.બી. પુજારા ખેલાડીઓની ટ્રોફી તથા ટી-શર્ટ એનાયત કરેલ. શ્રી ડાભીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી આગામી ઇન્ટર કંપની ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છા પાઠવેલ. હિંમતનગર સર્કલ ઓફિસ વતી શ્રી કુંપાવત તથા શ્રી એચ.એમ. રાવલે ખૂબ જહેમત ઉઠાવી સંપૂર્ણ ટુર્નામેન્ટ સફળ બનાવેલ. ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંકલન આસી. મેનેજર તથા સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી શૈલેશ નાયક દ્વારા કરવામાં આવેલ. ■

# આઠમી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં છઠ્ઠીવાર ચેમ્પિયન બનતા શ્રી જી.એસ. વોરા

## મહિલા કેરમ ચેમ્પિયન પી.કે. પરમાર, જુનિયર આસિસ્ટન્ટ સાંતેજ સબડિવિઝન

તા. ૧ અને ૨ જૂન ૨૦૧૩ દરમિયાન સાબરમતી સર્કલ ઓફિસના યજમાન પદે મોટેરા શેક્શન ઓફિસ ખાતે આઠમી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટનું આયોજન હાથ ધરવામાં આવેલ. જેમાં પાલનપુર આરએસઓ ખાતે સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી જી.એસ. વોરા સાતમીવાર ચેમ્પિયન થયેલ છે. જ્યારે મહિલા વિભાગમાં પી.કે. પરમાર, જુનિયર આસિસ્ટન્ટ સાંતેજ સબડિવિઝન ચેમ્પિયન થયેલ છે.

સદર ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં











### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | આર.એસ.ઓ. પાલનપુર | ચેમ્પિયન |
| શ્રી એમ.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર આર. સબડિવિઝન | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ સિંગલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી પી.કે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | ચાંદખેડા સબડિવિઝન | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ ડબલ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | |
|---|---|---|---|
| શ્રી જી.એસ. નોરા | સિનિયર આસિસ્ટન્ટ | આર.એચ.ઓ. પાલનપુર | ચેમ્પિયન |
| શ્રી એમ.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર આર. સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રી એ.પી. પટેલ | એ.પી.ઓ. | આરએન્ડસી મહેસાણા | રનર્સ-અપ |
| શ્રી એન.કે. ખામાર | અધિક્ષક (હિસાબ) | આરએન્ડસી મહેસાણા | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ ડબલ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | ચાંદખેડા સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી પી.કે. પરમાર | જુનિયિર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન | ચેમ્પિયન |
| શ્રીમતી સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર-૧ ડિવિઝન | રનર્સ-અપ |
| શ્રીમતી એચ.એ. ચાવડા | પ્યુન | પાલનપુર-ટી સબડિવિઝન | રનર્સ-અપ |

### ઈન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ પુરૂષોની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રી જી.એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર આએસઓ | પાલનપુર |
| શ્રી એમ.એમ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર રુરલ સબ ડિવિઝન | પાલનપુર |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનોગ્રાફર | સાબરમતી સર્કલ ઓફિસ | સાબરમતી |
| શ્રી એ.પી. પટેલ | એ.પી.ઓ. | એચ.આર. વિભાગ | આરએન્ડસી મહેસાણા |
| શ્રી એન.કે. ખામાર | અધિક્ષક (હિસાબ) | એકાઉન્સ વિભાગ | આરએન્ડસી મહેસાણા |
| શ્રી આર.એમ. મહેતા | જુનિયર આસિસ્ટન્ટ | ઈડર સબડિવિઝન | હિંમતનગર |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | | |
| શ્રી ઝેડ.ઝેડ. સૈયદ | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર રુરલ સબ ડિવિઝન | પાલનપુર |
| શ્રી એમ.એચ. સોલંકી | સિનિયર આસિસ્ટન્ટ | મહેસાણા સર્કલ ઓફિસ | મહેસાણા |

સાબરમતી સર્કલ વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી સી.આર. દેસાઈએ ઉપસ્થિત રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધારેલ. દીપપ્રાગટ્ય કર્યા બાદ શ્રીમતી દેસાઈએ તેઓના પ્રાસંગિક પ્રવચનમાં ટુર્નામેન્ટની ફાળવણી કર્યા બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર માની ટુર્નામેન્ટને સફળ બનાવવા આયોજકોને સાથ આપવા અનુરોધ કરેલ.

કંપનીમાં ચાલી રહેલ વિવિધ રમતોની સ્પર્ધામાં મહિલાઓની હાજરી વધે તે અંગે આશાવાદ વ્યક્ત કરી ખેલાડીઓને ખેલદિલીપૂર્વક ટુર્નામેન્ટમાં ભાગ લેવા અપીલ કરેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં શ્રી એસ.એલ. પટેલ, પર્સોનલ ઓફિસર તથા આસિસ્ટન્ટ પર્સોનલ ઓફિસર, શ્રી એ.બી. પટેલના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટી-શર્ટ અને રેપ્લિકા એનાયત કરવામાં આવ્યા. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી એસ.એલ. પટેલે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી આગામી ઇન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટમાં વધુ

**ઇન્ટર કંપની કેરમ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ મહિલાઓની ટીમ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
|---|---|---|---|
| શ્રીમતી પી.કે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | સાંતેજ સબડિવિઝન | સાબરમતી |
| શ્રીમતી ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | ચાંદખેડા સબડિવિઝન | સાબરમતી |
| શ્રીમતી એચ.એ. ચાવડા | પ્યુન | પાલનપુર (ટી) સબડિવિઝન | પાલનપુર |
| શ્રીમતી સી.એચ. મોદી | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર-૧ સબડિવિઝન | પાલનપુર |
| **સ્ટેન્ડ બાય ખેલાડી** | | | |
| શ્રીમતી એમ.પી. ભટ્ટ | સિનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ | આરએન્ડસી |
| શ્રીમતી પી.બી. સોલંકી | જુનિયર આસિસ્ટન્ટ | મહેસાણા ડિવિઝન | મહેસાણા |

પ્રભાવશાળી દેખાવ કરવા માટે શુભેચ્છા પાઠવેલ. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે તમામ ખેલાડીઓનું આભાર વ્યક્ત કરેલ.

સદર ટુર્નામેન્ટનું સફળ આયોજન શ્રીમતી સી.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ તેમજ શ્રી એસ.એલ. પટેલનાં નેતૃત્વ હેઠળ શ્રી પ્રફુલ ભંડારી, શ્રી કે.એન. રાવલ, શ્રી એમ.વી. ઠક્કર (ભુરાભાઈ), હેલ્પર, શ્રી જે.બી. પટેલ, ટાઇપિસ્ટ ખૂબ જ જેહમત ઉઠાવી પ્રસંશનિય કામગીરી હાથધરી ટુર્નામેન્ટને સફળ બનાવી. ટુર્નામેન્ટમાં રેફ્રી તરીકે શ્રી ચિંતનભાઈ ત્રિવેદી તથા શ્રી રિયાઝભાઈ ચૌહાણે સફળ કામગીરી બજાવેલ. ટુર્નામેન્ટ સમારંભનું સંચાલન શ્રી એસ.એલ. પટેલે કરેલું જ્યારે સમાપન સભારંભનું સંચાલન શ્રી આર.ડી. રાવલ ગેસ્ટહાઉસ મેનેજર દ્વારા કરવામાં આવેલું. ■

# મહેસાણા ખાતે યોજાયેલ આરટીઆઈ વર્કશોપ



તા. ૫ જૂન ૨૦૧૩ના રોજ સર્કિટ હાઉસ, મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની મહેસાણા વર્તુળ કચેરી દ્વારા એક દિવસીય માહિતી અધિકાર અધિનિયમ અંગે વર્કશોપ રાખવામાં આવેલ. માહિતી અધિકાર અધિનિયમ વિશે કર્મચારીઓને વિસ્તૃત માહિતી મળે તેમજ તેમને રોજબરોજના કાર્યમાં માહિતી અધિકાર અધિનિયમથી સંબંધિત જે પ્રશ્નો હોય તેનું યોગ્ય નિરાકરણ થાય તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.



આ વર્કશોપ માટે સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, અમદાવાદથી શ્રી કે.જી. ગોર તેમજ શ્રી એસ.એ. જોશીપુરાને ખાસ આમંત્રિત કરાયા હતા. શ્રી ગોર નિવૃત તાલુકા વિકાસ અધિકારી છે તથા શ્રી જોશીપુરા નાયબ સચિવ છે. કાર્યક્રમની શરૂઆતમાં કંપનીની મહેસાણા વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી એમ.કે. રાઠોડે શ્રી ગોરનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. તેમજ કંપનીની કોર્પોરેટ કચેરીના અધિક્ષક ઇજનેર (ગ્રામ્ય વિદ્યુતીકરણ) શ્રી જે.એમ. મોચીએ શ્રી જોશીપુરાનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. શ્રી મોચી કંપનીની કોર્પોરેટ કચેરી ખાતે જાહેર માહિતી અધિક્ષક તરીકે પણ ફરજ બજાવે છે. શ્રી ગોર, શ્રી જોશીપુરા, શ્રી રાઠોડ તથા શ્રી મોચીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કર્યા બાદ આ વર્કશોપને શરૂ કરવામાં આવ્યો હતો.

વીજ વિતરણ ક્ષેત્રે માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત સમાવિષ્ટ વિવિધ જોગવાઈ પ્રત્યે કંપનીના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓમાં જાગૃતિ વધે તેમજ માહિતી અધિકાર અધિનિયમનું દરેક કચેરી દ્વારા અસરકારક અમલીકરણ સાનુકૂળ બની શકે તે માટે આ વર્કશોપ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

વર્કશોપ દરમિયાન મહેસાણા વર્તુળ કચેરી સંલગ્ન તમામ વિભાગીય કચેરીઓ તેમજ પેટા વિભાગીય કચેરીઓમાં જાહેર માહિતી અધિકારી તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી તરીકે ફરજ બજાવતા વિવિધ અધિકારીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

આ વર્કશોપનું સુંદર આયોજન કરવામાં કંપનીની વર્તુળ કચેરીના નાયબ ઇજનેર તેમજ જાહેર માહિતી અધિકારી શ્રી જે.કે. દરજી તેમજ શ્રી એ.કે. પટેલ, ટેસરની મહત્ત્વની ભૂમિકા હતી. ■

# આઠમી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન, હિંમતનગર સર્કલ રનર્સ-અપ

તા. ૧૭-૫-૨૦૧૩ના રોજ ઉંઝા ખાતે બાલાજી રીસર્ટમાં પાલનપુર વર્તુળ કચેરીના યજમાનપદે આઠમી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં કંપનીના તાબા હેઠળની વર્તુળ કચેરીની ટીમોએ ભાગ લીધેલ. પાલનપુર સર્કલના અધિક્ષક ઈજનેર શ્રી એમ.બી. જાકાસણીયાના અધ્યક્ષ પદે ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવેલ. આ પ્રસંગે સહાયક સચિવ શ્રી ભરતભાઈ દવે, કાર્યપાલક ઈજનેર સિધ્ધપુર વિભાગીય કચેરી, શ્રી ડી.એફ. સીન્હલે હાજરી આપેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી જાકાસણીયાએ ટુર્નામેન્ટ ખેલદિલીથી રમાય અને સફળ થાય તે માટે શુભેચ્છા પાઠવેલ અને ટુર્નામેન્ટ આયોજનમાં પણ આયોજકોને સહકાર આપવા અનુરોધ કરેલ. દિપપ્રાગટ્ય કર્યા બાદ શ્રી જાકાસણીયાએ ટુર્નામેન્ટ ખુલ્લી મુકવા અંગે જાહેરાત કરેલ.

સદર ટુર્નામેન્ટની ફાઈનલ રમત કોર્પોરેટ ઓફિસ અને હિંમતનગર સર્કલ વચ્ચે રમાયેલ જેમાં કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન થયેલ છે જ્યારે હિંમતનગર સર્કલ ઓફિસ રનર્સ-અપ થયેલ છે.









**ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ કોર્પોરેટ ઓફિસની ટીમ**

| ક્રમ | નામ અને હોદ્દો | વિભાગ |
|---|---|---|
| ૧. | શ્રી એ.પી. પટેલ, આસિસ્ટન્ટ પર્સોનલ ઓફિસર | એચ.આર. |
| ૨. | શ્રી કમલ સીંધી, નાયબ ઈજનેર | કોમર્સ |
| ૩. | શ્રી નિકુંજભાઈ પટેલ, જુનિયર પ્રોગ્રામર | આઈ.ટી. |
| ૪. | શ્રી કે.આઈ. પટેલ, જુનિયર એન્જિનીયર | ટેક્નિકલ |

**આઠમી ઈન્ટર સર્કલ બ્રીજ ટુર્નામેન્ટમાં રનર્સ-અપ બનેલ હિંમતનગર સર્કલની ટીમ**

| ક્રમ | નામ અને હોદ્દો | વિભાગ |
|---|---|---|
| ૧. | શ્રી એમ.પી. સાક્ય, નાયબ ઈજનેર (સિવિલ) | સર્કલ ઓફિસ |
| ૨. | શ્રી નીતિનભાઈ પટેલ, આસિસ્ટન્ટ મેનેજર (એગ્રી) | સર્કલ ઓફિસ |
| ૩. | શ્રી કૈલાસ પુવાર, જુનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ |
| ૪. | શ્રી સંદિપ જોશી, જુનિયર આસિસ્ટન્ટ (વી.એસ.) | સર્કલ ઓફિસ |

**આઠમી ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | નામ અને હોદ્દો | ઓફિસનું નામ |
|---|---|---|
| ૧. | શ્રી એ.પી. પટેલ, એ.પી.ઓ. | કોર્પોરેટ ઓફિસ મહેસાણા |
| ૨. | શ્રી કે.એસ. સીંધી, નાયબ ઈજનેર | કોર્પોરેટ ઓફિસ મહેસાણા |
| ૩. | શ્રી સી.વી. જોશી, નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, સિધ્ધપુર |
| ૪. | શ્રી આર.એન. મોઢ, નાયબ ઈજનેર | પેટાવિભાગીય કચેરી, સિધ્ધપુર |
| ૫. | શ્રી એમ.પી. સાક્ય, નાયબ ઈજનેર (સિવિલ) | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૬. | શ્રી એ.કે. પટેલ, ટ્રેસર | મહેસાણા સર્કલ ઓફિસ |

ટુર્નામેન્ટ પૂર્ણ થયા બાદ ઉત્તર ગુજરાત વીજ કંપનીના યજમાન પદે તા. ૧૬થી ૧૮ ઓગસ્ટ ૨૦૧૩ દરમ્યાન યોજનાર આઠમી ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટ માટે ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલ.

ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં અધિક્ષક ઈજનેર શ્રી એમ.બી. જાકાસણીયા, સહાયક સચિવ શ્રી ભરતભાઈ દવે તથા ટુર્નામેન્ટના રેફી શ્રી કે.એમ. પટેલ, નિવૃત્ત અધિક્ષક ઈજનેર (સિવિલ) દ્વારા વિજેતા ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ તથા રેપ્લિકા આપવામાં આવેલ.

સમાપન સમારંભના ઉદ્‌બોધનમાં શ્રી જાકાસણીયાએ વિજેતા ખેલાડીઓને અભિનંદન આપી આઠમી ઈન્ટર કંપની બ્રીજ ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છા પાઠવેલ. ટુર્નામેન્ટ રેફી














તરીકે કંપની નિવૃત્ત અધિક્ષક ઇજનેર શ્રી કે. એમ. પટેલે સેવાઓ આપેલ. ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે શ્રી સી.વી. જોશી, શ્રી આર.એન. મોઢ તથા શ્રી કે.જે. પટેલ દ્વારા પ્રસશનિય કામગીરી કરવામાં આવેલ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન શ્રી શૈલેશ નાયક સ્પોર્ટ્‌સ સેક્રેટરી દ્વારા કરવામાં આવેલ. ■

# મહેસાણા સર્કલ દ્વારા લોકદરબારનું આયોજન




ગ્રાહકોને વીજ કનેક્શનને લગતા વિવિધ પ્રશ્નોનો ઝડપી નિકાલ મળે તે માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા દર વર્ષે વર્તુળ કચેરી દ્વારા વિવિધ જિલ્લાઓમાં લોકદરબારનું આયોજન કરવામાં આવે છે જેના ભાગ રૂપે મહેસાણા વર્તુળ કચેરી દ્વારા મહેસાણા જિલ્લાના લોકદરબાર-૨૦૧૩નું આયોજન કચેરીના પટાગણમાં આવેલ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટરના હોલમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના અધ્યક્ષ પદે મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમારની હાજરીમાં કરવામાં આવેલ. આ લોકદરબારમાં પ્રશ્નો ધરાવતા વિવિધ કેટેગરીના ગ્રાહકો ઉપસ્થિત રહેલા. સદર લોકદરબારના કાર્યક્રમમાં કડી નગરપાલિકાના પ્રશ્નો મુખ્ય હતા. જેમા મુખ્ય તો ટાઉન પ્લાનિંગ માટે નડતરરૂપ થાંભલા હટાવવાની કામગીરી, અન્ય ગ્રાહક દ્વારા લોડની વધઘટ, મેન્ટેનન્સનો અનુકૂળ સમય, નિવૃત્ત આર્મિમેનને આપવામાં આવતા વીજ કનેક્શનો, વાયર તૂટવાના વગેરે પ્રશ્નો રજૂ કરવામાં આવેલ. સાનુકૂળ વાતાવરણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી તથા મુખ્ય ઇજનેર (ઓપરેશન) દ્વારા પ્રશ્નોને કાળજીપૂર્વક સાંભળી સાનુકૂળ પ્રતિસાદ આપવામાં આવેલા. ગ્રાહકો દ્વારા પણ કંપની દ્વારા દર્શાવવામાં આવેલા પ્રતિસાદ માટે આનંદની લાગણી વ્યક્ત કરવામાં આવેલ.







આ પ્રસંગે મહેસાણા વર્તુળ કચેરીના કડી, વિસનગર, મહેસાણા તથા વિજાપુર વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરશ્રીઓએ હાજર રહીને પ્રશ્નોને લગતી સચોટ માહિતી પૂરી પાડેલ. શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર તથા શ્રી જે. એમ. મોચી, અધિક્ષક ઇજનેરના વડપણ હેઠળ મહેસાણા વર્તુળ કચેરી દ્વારા લોકદરબાર કાર્યક્રમનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ■

# ઉત્તર ગુજરાત વીજ કંપનીની સિદ્ધિઓમાં એક અનેરુ સોપાનઃ

ઉત્તર ગુજરાત વીજ કંપની પોતાની સ્થાપનાથી આજ સુધી વીજ વિતરણ ક્ષેત્રે અનેકાનેક સિદ્ધિઓના સોપાનો સર કરતી આવી છે. વીજ વિતરણ ક્ષેત્રે કાર્યરત ખાનગી અને સરકારી કંપનીઓમાં કામગીરીના વિવિધ વિષયોમાં કંપનીએ વર્ષોવર્ષ મેળવેલ ઇલ્કાબોની શ્રૃંખલા એ વાતની સાક્ષી પૂરે છે કે, ઉત્તર ગુજરાત વીજ કંપની વીજ વિતરણ ક્ષેત્રે અગ્રીમ હરોળમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઇજનેર/કર્મચારીઓએ તાજેતરમાં આવી જ એક વધુ સિદ્ધિનું સોપાન સર કર્યુ છે.

સમગ્ર ભારતમાં ગુજરાત એ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં દરેક ગામડામાં ૩ ફેઝથી ૨૪ કલાક વીજ પુરવઠાના વિતરણનું કાર્ય સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય રીતે સફળતાપૂર્વક થાય છે. આ સાથે ખેતરોમાં, પરાઓ અને પટાપરાઓમાં વસવાટ કરતાં વીજ ગ્રાહકોને સતત ૩ ફેઝના કલાકો સિવાય લાઇટ માટે 'સ્પેશ્યલી ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મર' દ્વારા ૧ ફેઝથી વિતરણ કરવામાં આવે છે. સમગ્ર ભારતમાં ગુજરાત પેટર્નથી વીજ વિતરણ એ ઉદાહરણીય બાબત છે અને એટલે જ અન્ય રાજ્યોમાંથી ઉચ્ચસ્તરીય પ્રતિનીધિ મંડળો અવારનવાર અભ્યાસ માટે મુલાકાત લે છે. તાજેતરમાં ગત માર્ચ માસ દરમ્યાન હરિયાણા રાજ્યના દક્ષિણ હરિયાણા બીજલી વિતરણ નિગમના ઉચ્ચ અધિકારીઓએ ઉત્તર ગુજરાત વીજ કંપનીની મુલાકાત લીધેલ. મુલાકાત બાદ તેમના અવલોકન અહેવાલને આધારે દક્ષિણ હરિયાણા બિજલી વિતરણ નિગમ લિમિટેડના ડિરેક્ટરશ્રી અને સીએમડીશ્રીએ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના ચેરમેન શ્રી રાજગોપાલ અને યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના સીધા સંપર્ક સેતુ દ્વારા હરિયાણાના હિસાર ક્ષેત્રમાં ચાર સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મરના સ્થાપન અંગે પ્રયોગાત્મક આયોજન કરેલ. યુજીવીસીએલના ઉચ્ચ સ્તરીય અધિકારીશ્રીઓની સીધી સૂચના અને માર્ગદર્શન તથા જનરલ મેનજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી દ્વારા જારી કરવામાં આવેલ, જરૂરી દસ્તાવેજો સાથે શ્રી આર.બી. પટેલ, નાયબ ઇજનેર, વર્તુળ કચેરી, મહેસાણાના વડપણમાં છ સભ્યોની ટીમ તા. ૩૧-૩-૨૦૧૩ના રોજ હિસાર જવા રવાના થયેલ.





**યુજીવીસીએલ ટીમમાં નીચે પ્રમાણેના અધિકારી/કર્મચારીઓનો સમાવેશ થયેલ**

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | શ્રી આર.બી. પટેલ | નાયબ ઇજનેર | વર્તુળ કચેરી, મહેસાણા |
| ૨. | શ્રી કે.વી. પટેલ | નાયબ ઇજનેર | રજિસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા |
| ૩. | શ્રી એ.આર. વખારિયા | નાયબ ઇજનેર | વિભાગીય કચેરી, મહેસાણા |
| ૪. | શ્રી ડી.જી. પટેલ | મીટર ટેસ્ટર | વર્તુળ કચેરી મહેસાણા |
| ૫. | શ્રી એ.કે. પટેલ | ટ્રેસર | વર્તુળ કચેરી, મહેસાણા |
| ૬. | શ્રી બી.કે. ઠાકોર | આસિસ્ટન્ટ લાઇનમેન | પે.વિ. કચેરી, વિસનગર-૨ |

યુજીવીસીએલ ટીમ દ્વારા ફક્ત ૬ દિવસના ટૂંકા ગાળામાં ચાર એસડીટીનું સફળતાપૂર્વક પ્રસ્થાપન કરી, ડીએચબીવીએનના ઉચ્ચ અધિકારીશ્રીઓના વરદ હસ્તે કાર્યાન્વિત કરેલ. આ પ્રસંગે યુજીવીસીએલના મુખ્ય ઇજનેર શ્રી ડી.સી. પરમાર (ઓ.પી.)એ પણ હિસારની રૂબરૂ મુલાકાત લઈ યુજીવીસીએલ ટીમને પ્રોત્સાહિત કરેલ તથા ડીએચબીવીએનના ઉચ્ચસ્તરીય પ્રતિનીધિ મંડળ સાથે સદર પ્રોજેક્ટ અંગે વ્યાવસાયિક આયોજનોની શક્યતાઓ અંગે સઘન ચર્ચાવિચારણા કરેલ. ■

# યુજીવીસીએલ દ્વારા ભરતીની પ્રક્રિયા અંગે નવતર અભિગમ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તાજેતરમાં ઇલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ વિદ્યુત સહાયકની શારીરિક ક્ષમતાની ચકાસણી અને કામગીરીને સંબંધિત માલસામાનની જાણકારી અંગેની પરીક્ષા તા. ૦૬-૦૭-૦૮ જૂન ૨૦૧૩ના રોજ મહેસાણા મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે સફળતાપૂર્વક યોજાઈ હતી. સામાન્ય રીતે અગાઉ યોજાતી આ પ્રકારની પરીક્ષા કરતા કમ્પ્યુટરાઇઝ્ડ ડમી નંબરો દ્વારા સદર પરીક્ષાનું આયોજન કરવામાં આવેલું. વળી શારીરિક ક્ષમતાની ચકાસણી માટે પાંચ ગર્ડર અને કામગીરીને સંબંધીત માલસામનની જાણકારી અંગેની પરીક્ષા માટે પાંચ ઇન્ટરવ્યૂ હોલમાં અલગ વ્યવસ્થા હોવાથી છેલ્લા સમય સુધી પરીક્ષાર્થીની પરીક્ષા ક્યાં લેવાશે તે નક્કી કરવું અશક્ય બન્યું હતું આને કારણે કોઈ પણ પ્રકારની વ્યક્તિગત ભલામણોનો અવકાશ રહેતો નથી અને સંપૂર્ણ પણે નિષ્પક્ષ રીતે પારદર્શક પદ્ધતિથી પરીક્ષા લેવાયેલ.

મહેસાણા મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે અને કર્વે ગર્લ્સ સ્કૂલ ખાતે યોજાયેલી આ પરીક્ષામાં વિભાગીય કચેરી મહેસાણા વડા શ્રી એસ.પી. પટેલના નેતૃત્વ હેઠળ વિભાગીય કચેરીના ઇજનેરો અને કર્મચારીઓએ સુંદર અને કુનેહ પૂર્વક આયોજન કરેલ. કમ્પ્યુટરાઇઝ્ડ ડમી નંબરો માટેની વ્યવસ્થા જુનિયર આસિસ્ટન્ટ (આઈટી) શ્રી મોઇન વ્હોરાએ કરેલ. આ આખાયે પ્રોજેક્ટને કોર્પોરેટ ઓફિસના એચ. આર. વિભાગમાંથી કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક શ્રી ડી.એસ. પટેલ તથા નાયબ મહાપ્રબંધક (એચ. આર.) શ્રી એન.બી. બલાતે સીધુ માર્ગદર્શન પૂરું પાડેલ. સંસ્થાના વડા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે સમગ્ર પ્રક્રિયાનું સતત અવલોકન અને નિરીક્ષણ કરી જરૂર સૂચનાઓ પાઠવેલ.

ખાસ અગત્યની બાબત એ છે કે અગાઉ ભરતી પ્રક્રિયા માટે કરવામાં આવતી કામગીરીથી હટીને ભરતી માટે ઇચ્છુક ઉમેદવારોને સદર કામગીરીમાં વધુ વિશ્વાસ પ્રસ્ત થાય અને તે માટે અનુકૂળ વાતાવરણ સર્જાય તે માટેનો નવતર આ અભિગમ કંપનીની ભરતી પ્રક્રિયા માટે એક આગવો વિશ્વાસ પ્રતિપાદિત કરશે. ■









# પર્યાવરણ જાળવો, પર્યાવરણ આપને જાળવશે

'ગ્લોબલ વોર્મિંગ' શબ્દથી આપણે સુપેરે પરિચિત છીએ. આપણે જાણીએ છીએ કે પર્યાવરણમાં અસમતુલા ઊભી થવાથી પ્રકૃતિનું ઋતુચક્ર બદલાઈ થાય છે. ભર શિયાળામાં ઉનાળો અને ચોમાસાનો અનુભવ આપણે કરી રહ્યા છીએ. જેના માટે જવાબદાર આપણે જ છીએ. લીલાછમ વૃક્ષો કાપીને, પ્રકૃતિ દત્ત ભેટનું નિકંદન કાઢીને, સિમેન્ટ કોંક્રીટનાં જંગલો ઊભા કરીને આપણે આપણા જ પગ ઉપર કુહાડો મારવાનું તથા કુદરતનો પ્રકોપ વહોરવાનું અશોભનીય કાર્ય કરી રહ્યા છીએ. મિત્રો, સમય હજુ પણ આપણા હાથમાં છે. જો આપણે આટલેથી જ અટકી જઈને પર્યાવરણ જાળવવામાં આપણી જાતને જોતરી દઈશું તો ઘણી હાનિકારક ઘટનાઓથી ભાવી પેઢીને બચાવીને તેમને સંતુલિત અને સલામત ભવિષ્ય અર્પણ કરી શકીશું. વિકાસની હરણફાળ ભરવામાં પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવામાં આપણે કુદરતના 'Give & Take' નિયમને વિસારી દીધો છે. જેવું આપશો તેવું પામશો. તમે કુદરતી સંપત્તિ નષ્ટ કરશો તો તમારો નાશ કરવા માટે કુદરતને કોઈની પરવાનગી લેવાની જરૂર નથી પડવાની.

"Green Gujarat"

"વૃક્ષો વાવો - જીવન બચાવો"

"જળ એ જ જીવન"

"ઊર્જા બચાવો - દેશ બચાવો"

જેવા સૂત્રો આપણે જાણવા છતાં આચરણમાં મુકવા તૈયાર નથી અને વિકાસની આંધળી દોટમાં પોતાની જાતને સામેલ કરીને પ્રકૃતિના ગુનેગાર બની રહ્યા છીએ. માત્ર ઊર્જા ક્ષેત્રે સંકળાયેલ કર્મચારીઓ જો આટલું કરે તો પર્યાવરણ જાળવવાના ભગીરથ કાર્યક્રમમાં આપણો ફાળો ચોક્કસ રંગ લાવશે.

- અપ-ડાઉન કરતા કર્મચારીઓ માટે સ્ટાફ બસની વ્યવસ્થા કરવામાં આવે તો ન માત્ર કર્મચારીઓ સમયસર કાર્યાલયે પહોંચી શકશે, પરંતુ સ્વ-માલિકીના વાહનો ઘરે મૂકીને આવવાથી હવાનું પ્રદૂષણ ઓછું થશે. પેટ્રોલની બચત થશે અને પર્યાવરણ જાળવવામાં મદદરૂપ થવાશે.
- સ્થાનિક કાર્યાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓ માત્ર અઠવાડિયામાં એક દિવસ પોતાનું વાહન ઘરે રાખીને સીટી બસ કે રિક્ષા દ્વારા કાર્યાલયે આવવાનું ચાલું કરે તો પણ તે વાતાવરણને દૂષિત કરવાના કૃત્યથી અળગા રહી પર્યાવરણ જાળવવામાં વ્યક્તિગત ફાળો આપી શકશે.
- વીજ કંપનીમાં સેવા બજાવતા દરેક કર્મચારી જો સપ્તાહમાં માત્ર એક દિવસ એક કલાક માટે પોતાના ઘર પુરતી લાઇટ બંધ રાખી સ્વયં શિસ્ત અપનાવે તો આપણી સંસ્થાને પણ મોટો ફાયદો કરાવી શકશે તેમજ વીજ બચત કરીને પર્યાવરણની જાળવણી કરવામાં મદદરૂપ થશે.


જેના થકી આપણું અસ્તિત્વ સલામત છે એની જાળવણી માટે આપણે આટલું ન કરી શકીએ? YES, WE CAN!

**- જ્યોત્સનાબહેન એમ. રાઠોડ, સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા**

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. સમર્થ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), એ ગ્રૂપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૪૫
**વાલી :** શ્રી આર.ડી. ઝાલા
**હોદ્દો :** નાયબ ઇજનેર, હિંમતનગર સર્કલ



**કુ. ધ્રુવા**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી ગ્રૂપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૭.૪૩
**વાલી : શ્રી પિયૂષભાઈ હાલાણી**
**હોદ્દો :** નાયબ ઇજનેર, સાબરમતી સર્કલ



**ચિ. ઋષભ**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), એ ગ્રૂપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૬.૪૫
**વાલી :** શ્રી વિનોદભાઈ આર. મોદી
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ, મહેસાણા સર્કલ




**ચિ. સ્મિત**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), એ. ગ્રૂપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૬.૦૨
**વાલી : શ્રી એ.બી. પરીખ**
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ, સાબરમતી સર્કલ ઓફસ



**કુ. શ્રેયા**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), એ ગ્રૂપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૨.૩૪
**વાલી : શ્રી રાજેશભાઈ એન. પરમાર**
**હોદ્દો :** જુનિયર આઈ.ઓ., મહેસાણા સર્કલ ઓફિસ



**ચિ. કિશન**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), બી ગ્રૂપ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૧.૧૮
**વાલી : શ્રી પ્રવિણભાઈ એમ. પટેલ**
**હોદ્દો :** નાયબ ઇજનેર, ચાણસ્મા સબડિવિઝન



**કુ. રુચા**
એચ.એસ.સી. (ધોરણ-૧૨), સામાન્ય પ્રવાહ
**પર્સન્ટાઇલ રેંક :** ૯૫.૫૨
**વાલી :** શ્રી ઉમેશભાઈ ગોર
**હોદ્દો :** નાયબ અધિક્ષક, કોર્પોરેટ ઓફિસ મહેસાણા



**ચિ. વિસર્ગ**
ન્યુ એસ.એસ.સી. (ધોરણ-૧૦)
**પર્સન્ટાઇલ રેંક :** ૯૯.૯૬
**વાલી : શ્રી વિજયભાઈ એચ. ઠાકર**
**હોદ્દો :** નાયબ ઇજનેર, એએલડીસી, ગાંધીનગર

## આઇસીએઆઇ અમદાવાદ દ્વારા મેનેજિંગ કમિટીમાં ચેરમેન તરીકે નિયુક્ત થતા શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)



ધ ઇન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના વેસ્ટર્ન રીજનલ કાઉન્સિલના અમદાવાદ ચેપ્ટરની ૪૮મી વાર્ષિક જનરલ મીટિંગ તા. ૨૫મી મે ૨૦૧૩ના રોજ યોજાયેલ, જેમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે મેનેજિંગ કમિટીની રચના થયેલ. વર્ષ ૨૦૧૩-૧૪ માટે ચેરમેનપદે શ્રી આર. બી. કોઠારીની નિયુક્તિ કરવામાં આવેલ છે.

શ્રી કોઠારી અગાઉ બે વર્ષ સુધી સદર સંસ્થાના વાઇસ ચેરમેન પદે નિયુક્ત થયેલ. તેમજ છેલ્લા પાચ વર્ષથી લાયન્સ ક્લબ ઓફ મણિનગર, અમદાવાદમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપી રહેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની પરિવાર તેઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છા પાઠવે છે. ■

## ૭મી ઇન્ટર કંપની ટેઇની કોઇટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા નીતાબહેન સાટોડીયા રનર્સ-અપ થયેલ છે



તા. ૩-૨-૨૦૧૩થી તા. ૫-૨-૨૦૧૩ દરમ્યાન ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રી કોર્પોરેશન, ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખાતે યોજાયેલ ૭મી ઇન્ટર કંપની ટેઇની કોઇટ ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલ ખાતે જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા નીતાબહેન સાટોડીયા રનર્સ-અપ થયેલ છે તેમજ ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ માટે પસંદગી પામેલ છે. યુજીવીસીએલ પરિવાર ગૌરવ અનુભવે છે અને રમતક્ષેત્રે ભાવિ કારકીર્દિ માટે શુભેચ્છા પાઠવે છે. ■



**કુ. ભૈરવી**
ધોરણ-૭
ગ્રેડ એ-૧, સીજીપીએ ૧૦
**વાલી : શ્રી પિયૂષભાઈ હાલાણી**
**હોદ્દો :** નાયબ ઇજનેર, સાબરમતી સર્કલ

# હૃદય સંબંધ



શ્રી આર. બી. પટેલ,
નાયબ ઇજનેર,
સર્કલ ઓફિસ,
મહેસાણા

શિર્ષકમાં જ એની દિવ્યતાનો પરિચય મળી જાય છે, તેમ છતાં પ્રશ્ન થાય છે કે એ વળી કેવો સંબંધ.

બધા જ સંબંધોની ઊંચાઈઓ પૂરી થાય એટલે જેની ઊંચાઈની શરૂઆત થાય અને જેમાં દિવ્યતાની અનુભૂતી થાય એ સંબંધ એટલે જ ''હૃદય સંબંધ''.

જીવનમાં ઘણા બધા સંબંધોની લાગણીઓને આપણે અનુભવીએ છીએ. માતા-પુત્રનો સંબંધ, ભાઈ-બહેનનો સંબંધ, મિત્ર-મિત્રનો સંબંધ,



પતિ-પત્નીનો સંબંધ જેવા ઘણાં સંબંધોને આપણે જાણીએ છીએ, પરંતુ એ બધામાં કોઈ ને કોઈ છુપો સ્વાર્થ સમાયેલો આપણી અનુભવીએ છીએ. આપણને લાગે કે માતા અને પુત્રનો સંબંધ નિઃસ્વાર્થ છે, પરંતુ એમાં પણ ઘડપણની લાકડી બનીને દીકરો સહારો બનશે એવી છુપી અપેક્ષા તો સમાયેલી જ છે ને? અને જ્યારે તે અપેક્ષા સંતોષાતી નથી ત્યારે દીકરો કે દીકરી નિષ્ઠુર છે એવું થયા વિના રહેતું નથી. તો એ સંબંધ નિઃસ્વાર્થ કેવી રીતે? આ જ રીતે ભાઈ-બહેન, પતિ-પત્ની, મિત્ર-મિત્રના સંબંધમાં ક્યાંક ને ક્યાંક ગીવ એન્ડ ટેકનનો સિદ્ધાંત સમાયેલો જ છે. તો શું તે કબુલ તો કરવું જ પડશે ને? કારણ આપણે કોઈને જરાક જેટલી પણ મદદ કરી હોય અને વખત આવે સામેથી તમને અપેક્ષા પ્રમાણેનો પ્રતિસાદ ના મળે ત્યારે દુઃખથી મન ભરાઈ જાય છે, આ એ દુઃખની ભાવનાનું મૂળ છુપો સ્વાર્થ તો નથી? તો નિઃસ્વાર્થપણું ક્યાં રહ્યું?

જે સંબંધ આવી બધી જ ભાવનાઓથી પર હોય, હૃદયની સાચી લાગણીથી જેનું સિંચન થયું હોય કે જે દુન્વઈ સંબંધોથી પર હોય, લાગણી દિવ્યતા, પવિત્રતા શાંત સરિતાના પ્રવાહની જેમ બે કિનારાની સીમાઓ વચ્ચે વહેતી હોય, માનસિક કે શારીરિક કોઈ સ્વાર્થની ભાવના તેમાં ન હોય જેની ખુશી તમને અપાર સુખની લાગણીનો અહેસાસ કરાવે અને જેનું નાનેરું પણ દુઃખ તમને દુઃખના દરિયામાં ગરકાવ કરી દે, કોઈ વ્યક્તિ તમારી પાસે હોય કે તમારાથી જોજનો દૂર જતાં કોઈ પૂરા ના પડે, મનથી અને હૃદયથી જેની સાથે સતત સાથ જ હોય તેવી ભાવના સાથે વહેતો સંબંધ એ જ ''હૃદય સંબંધ''.

આવા સંબંધનું ઉત્તમ ઉદાહરણ એટલે રાધા અને કૃષ્ણ, મીરાં અને કૃષ્ણ તથા દ્રોપદી અને કૃષ્ણનો સંબંધ. ભગવાન કૃષ્ણ તો એક જ હતાં. સંબંધોની દિવ્યતાનું આનાથી શ્રેષ્ઠ ઉદાહરણ બીજું ક્યું હોઈ શકે? શું નામ આપી શકાય આ સંબંધોને? ''હૃદય સંબંધ'' એ સિવાય બીજું કોઈ નામ હોઈ જ ના શકે. પવિત્રતાની સતત વહેતી નિઃસ્વાર્થ સરિતા.

દ્રોપદીના એક જ પોકારથી કૃષ્ણ એની સહાય કરવા દોડી આવ્યા હતા. શા માટે? દ્રોપદીની રક્ષા કરવા માટે પાંચ પાંડવો ત્યાં સક્ષમ હતા. તેમ છતાં દ્રોપદીએ શ્રીકૃષ્ણને મદદ માટે પોકાર કર્યો શા માટે? હૃદયની લાગણીઓ જ્યાં હોય છે ત્યાં તે લાગણીઓ જોજનો દૂર બેઠેલા પ્રિયજન પાસે પહોંચ્યા વિના રહેતી નથી અને એ લાગણીનો પડઘો પડ્યા વિના રહેતો નથી એનું શું આ શ્રેષ્ઠ ઉદાહરણ નથી? ઇતિહાસના પાનાઓમાં આવી કેટલીયે દિવ્યતાઓ સમાયેલી પડી છે. જેને આજે હજારો વર્ષો પછી પણ એટલી જ સચ્ચાઈથી મહેસૂસ કરી શકીએ છીએ.

હૃદય સંબંધનું બીજું એક શ્રેષ્ઠ ઉદાહરણ એટલે ગોવર્ધનરામ ત્રિપાઠીની શ્રેષ્ઠ ગુજરાતી નવલકથાના બે અમર પાત્રો. ''સરસ્વતિચંદ્ર અને કુમુદસુંદરી''. જેમાં સ્વાર્થની કોઈ જ ભાવના નથી. ફક્ત એક બીજાને સુખી કરવાની જ લાગણી છે.

માટે જ ટૂંકા થતા મનના સંબંધોની આ દુનિયા હૃદય સંબંધ પામવો બહુ જ દુષ્કર છે. કે જે નસીબદારને જ મળી શકે ઉપસંહારમાં એટલું જ કહી શકાય કે ''બધા જ સંબંધોથી ઉપર દિવ્ય અનુભૂતી, સ્વાર્થથી જોજનો દૂર અને સપવિત્ર વિચારની એક આછી છાયા પણ જેને સ્પર્શી ના શકે એવો શ્રેષ્ઠ સંબંધ એટલે જ ''હૃદય સંબંધ''.

**એક મિત્રની ડાયરીમાંથી અક્ષર સહ**

**(આર. બી. પટેલ)**

# સાચા ભગવાનની ઓળખ



એસ.બી. લિંબાચીયા,
નાયબ ઇજનેર, સ્ટોર મહેસાણા

**મેં બાળકોને પ્રશ્નો પૂછ્યો, કે બાળકો તમે આ શું બનાવી રહ્યો છો? બાળકોએ જવાબ આપ્યો, ''ભગવાનનું મંદિર''. મેં ફરી પ્રશ્ન કર્યો, શું તમે ભગવાનને જોયા છે? શું તમે ભગવાનના મંદિરે જાઓ છો? જવાબ મળ્યો ના, પણ મંદિરમાં જઈએ છીએ.**



એક વાર હું મારી સોસાયટીમાંથી પસાર થઈ રહ્યો હતો. અચાનક જ મારી નગર રસ્તાની બાજુમાં આવેલ સોસાયટીના કોમન પ્લોટ તરફ ગઈ. કેટલાક નાના બાળકો કોમન પ્લોટમાં પડેલ રેતીમાં કંઈક રમત રમી રહ્યા હતા. આ બાળકો તેમની રમતમાં ખૂબ જ મશગુલ થઈ ગયા હોય તેમ લાગતું હતું. આથી તેઓ કંઈ રમત રમી રહ્યા છે તે જોવાની જિજ્ઞાસા હું રોકી ન શક્યો અને હું તેમની નજીક ગયો. મેં ધ્યાનથી જોયું તો આ બાળકો રેતીના ઢગલામાંથી કંઈક ઘર જેવું બનાવી રહ્યા હતા. તેઓ ખરેખર શું બનાવી રહ્યા હતા તે જાણવા મેં બાળકોને પ્રશ્નો પૂછ્યો, કે બાળકો તમે આ શું બનાવી રહ્યો છો? બાળકોએ જવાબ આપ્યો, ''ભગવાનનું મંદિર''. મેં ફરી પ્રશ્ન કર્યો, શું તમે ભગવાનને જોયા છે? શું તમે ભગવાનના મંદિરે જાઓ છો? જવાબ મળ્યો ના, પણ મંદિરમાં જઈએ છીએ. મેં ફરી પ્રશ્ન કર્યો કે, તમે મંદિરમાં જઈને ભગવાન પાસે શું માગો છો? નિર્દોષ નાના ભૂલકાઓએ જવાબ આપ્યો, ભગવાન સારું સારું ખાવાનું આપે, સારી સારી ચોકલેટ આપે, નવું દફતર આપે, નવી નોટબુક, નવા નવા કપડા આપે. જવાબ સાંભળી મેં તેમને પૂછ્યું કે, બેટા, તો તમને સારું સારું ખાવનું, ચોકલેટ, નવા કપડા વિગેરે કોણ લાવી આપે છે? નાના ભૂલકાઓએ જવાબ આપ્યો, ''પપ્પા-મમ્મી''. મેં તરત જ ફરી પ્રશ્ન કર્યો, કે બોલો બેટા, તો સાચા ભગવાન કોણ કહેવાય? બાધા જ નાના ભૂલકાઓ એકી સાથે જોરથી બોલી ઉઠ્યા કે, ''પપ્પા-મમ્મી''.

કાશ, આટલી સમજણ જો મોટા ભૂલકાઓમાં આવે, તો જગતમાં કદાચ વૃદ્ધાશ્રમ ક્યાંય જોવા ન મળે.

એસ.બી. લીમ્બાસીયા, નાયબ ઇજનેર, આર.એસ.ઓ. મહેસાણા ■

## ''કંપની ડે''

ગુજરાત ઊર્જા વિકાસ નિગમમાં,
કંપનીઓ છે અનેક
યુજીવીસીએલ કંપની આપણી (૨)
તેમાં નંબર એક

કંપની ડે આવ્યો આજે
હરખે ઉજવે એ સાથે
જન્મ દિન આવ્યો આજે
આવો મળી ઉજવીએ આજે.

દૃઢ મનોબળ અટલ વિશ્વાસે,
કામ કરે સૌ સાથ
અનહોની સામે અડગ રહેતા (૨)
વિદ્યુત પ્રહરીઓ સાથ

રાતદિન કામ કરતા
સૌના દિલમાં સ્થાન જ લેતા... કંપની ડે

દિલ્લીના દરબારમાં નોંધ લેવાઈ
વિદ્યુત સેનાનીઓની ખાસ (૨)
'ઈ' ઊર્જાના શિખરો સર કરતાં કરતાં
પેપર લેસ કરીશું કામ

પડકારોને ઝીલતા રહેશું
પરિવર્તન લાવતા રહેશું... કંપની ડે

આવો મળી સૌ કસમ ખાઈએ
વીજ સેનાનીઓ આજ
ગ્રાહકને આગંતુક માનીને આપણે (૨)
કરશું સઘળા કામ

કંપનીએ રોશન કરશું
દેશના અગ્રેસર રહેશું... કંપની ડે



**એ.પી. રાણા,** જુનિયર આસિસ્ટન્ટ,
યુજીવીસીએલ, હા.સ.ડી., મહેસાણા

## અણસાર

૨૩-૩-૮૪

કાગનીડમાં કોકિલ કૂજે,
પંક મહીં પ્રહ્મનું પુનિત પ્રાગટ્ય.
પાનખરના વેરાનમાં વસંત પ્રગટે,
ધરતીને સંગ વેરાતા વિધ વિધ રંગ,
નિરાકાર ચૈતન્ય બની તુજ સંગ.
ચાહત છે પ્રભુ તુજ પરદેશુ થવાની,
ને તોય...

ધરતીની ધૂળના હરકણને પૂછું
હર વૃક્ષના હર પર્ણને પૂછું
વહી જતા અનિલની લહરને પૂછું
સળગતી અગન જ્વાળાને ને,
ઝાકળના બિંદુને, નદીના નીરને,
વીજના ચમકારને ને આકાશના મૌનને,

હું પૂછું
આ ચૈતન્યનો અહસાસ છે તમને,
પ્રભુના પગરવનો અણસાર છે તમને.

## હું જળબિંદુ

૨૧-૩-૮૪

સમષ્ટિના સાગરનું હું જલબિંદુ,
અહીં વેર નથી મગર સાથે,
તોય મારી ખારાશનો અહેસાસ છે.

પ્રાર્થુ રવિને પ્રજવાળવા સાગરને,
તપી જાઉં, બળી જાઉં, વાયુ બની ગગને,
વાદળ બની ઊડવાનો આનંદ છે.

ખારાશ તજી આ દેહની, મીઠું બની જાઉં,
મીઠું આપી માનવને મેઘબિંદુ બની જાઉં,
વ્યોમને ભોમ મધ્યે મેઘધનુ બનવું છે.

ગડગડાટ આભે ને વીજ ચમકારા મારા,
જગતાતની આશા ને અરમાનના તારા,
પ્રકૃતિને ખોળે દેવ બની વર્ષવું છે.

અને ખુશીની ખબર લઈ આવી,
ધરતી અંગ સરિતા બની વહી,
કિનારા છોડી અનંતમાં પુનઃ પહોંચવું છે.



## પ્રકૃતિને...

૧-૨-૮૪

પાનખર છું હું
પર્ણ ખેરવીશ હર વૃક્ષનાં,
ઝાડવાં ઠૂંઠવાશે.
ચૈતન્ય ઝુંટવાઈ જશે.
મને મંજુર નથી...

હુંયે વસંત હોત
નવકુંપળ લઈ આવતા તારે માટે,
ખુશી હોત ખુશ્બૂ હોત
નીલા આસમાનમાં લીલા રંગનો
સુભગ થાત એથીય વિશેષ.
કોકિલ કંઠનું 'કુહુ કુહુ'
લઈ આવત હું...
હું તો ગ્રીષ્મ છું.
દાઝું છું હું. દઝાડું છું પ્રકૃતિને
ઊની આહના નિશ્વાસ
મને મંજૂર નથી.

એરે, હુ વર્ષા હોત
લઈ આવત ઘનશ્યામના નીરને
આસમાનથી તારે માટે.
પૃથ્વીને પાટલે પુનઃ પ્રગટત રૂપ પ્રભુનાં,
એથીયે વિશેષ તો
મને હોંશ છે મયુરના ટહુકારની.

## જગતાત – વર્ષાટાણે

વીજ ચમકે ઘનશ્યામ ગરજે
વર્ષાના આ ચાળા.

ઝીંકાતી ધારા પડતા પડછંદા,
ઉભરાય પાળા.

કૃષિકાર જુએ આતુર નયને,
કાઢતો વર્ષામાપ.

આવશે પૂર્ણ કે અધૂરો,
થશે વૃદ્ધિ કે કાપ.

રહે પ્રારબ્ધ પ્રમાણને,
પડશે વરસાદ ઠીક.

પછી જગતાતને,
શી ચિંતા ને શાની બીક.

ખેતર ખેડી, બીજ વાવી,
પુરુષાર્થે ઉગશે ધાન.

મળશે યદિ યત્ને પ્રભુકૃપા,
જગતાત પામે માન.

વર્ષા જાશે વર્ષાન્તે,
અન્ન, ધન, સુખ આણી.

પછી નિરાંતે ગોવિંદ ગાશું,
ને આવશે દીવાળી.



**શ્રી ઘનશ્યામ પટેલ,**
એક્ઝિક્યુટિવ ઇન્જિનર, સાબરમતી
ડિવિઝન ઓફિસ

## સિધ્ધિઓના સથવારે...

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

### ISO ૯૦૦૧:૨૦૦૮ વીજ વિતરણ કંપની



ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે "ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૨"મેળવનાર કંપની.

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે "પાવર લાઇન એવોર્ડ-૨૦૧૨" મેળવનાર કંપની.





વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ગોલ્ડશીલ્ડ મેળવનાર કંપની.

વીજ વિતરણ ક્ષેત્રે મહિલા તરીકે કરેલ વિવિધ કામગીરી માટે "વુમન ઇન પાવર સેક્ટર" ની કેટેગરી માટે વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી સી.આર.દેસાઇ થકી "ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૧" મેળવનાર કંપની.





એનર્જી એફીસીયન્સી, કન્ઝર્વેશન અને ડીમાન્ડ સાઇડ મેનેજમેન્ટ માટે " ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૦" મેળવનાર કંપની.

"ગુડ પર્ફોમન્સ એવોર્ડ" જાહેરક્ષેત્રની કેટેગરીમાં "એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૯" માટે ICWAI તરફથી મેળવનાર કંપની.





ખેતીક્ષેત્રે સર્વાંગી ઉપયોગી કામગીરી માટે "ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૦૯" મેળવાનાર કંપની.

ગ્રામ્ય વીજળીકરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ "IEEMA પાવર એવોર્ડ-૨૦૦૮" મેળવનાર કંપની.





રૂા. ૧,૦૦૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઇડર કંપનીઓની કેટેગરીમાં નેશનલ એવોર્ડ ફોર "એક્સલન્સ ઇન કોસ્ટ મેનેજમેંટ-૨૦૦૭" મેળવનાર કંપની.

વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વર્ષ ૨૦૦૫-૦૬ માટે "બ્રોન્ઝશીલ્ડ" મેળવનાર જાહેર ક્ષેત્રની પ્રથમ કંપની.



## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com